# શ્રીમતી પુ.હ. પટેલ સંસ્કાર કન્યા વિદ્યામંદિર
## (લીલાબા સંકુલ)

લાલ દરવાજા, સુરત. ફોન : ૨૫૩૯૪૦૪, ૨૫૩૯૭૪૦



આચાર્યા
શ્રી દિવ્યાબહેન પુરોહિત

## પ્રવૃત્તિ દર્પણ ૨૦૧૬-૧૭


વિદ્યાર્થીઓને વિચાર, વાણી અને વર્તનની યોગ્ય કેળવણી મળે તો જ તેમનો સર્વાંગી વિકાસ થઈ શકે. શિક્ષક દ્વારા થતું વિદ્યાર્થી ઘડતરએ એક ભગીરથ કાર્ય છે. શાળા સંસ્કારનો એક દુર્ગ છે. જે વિદ્યાર્થીઓને અનિષ્ટ આક્રમણો સામે અડીખમ રાખે છે. શિક્ષક શિસ્તનો એક સેનાપતિ છે જે વિદ્યાર્થીઓમાં યોગ, જ્ઞાન અને વર્તન નીપજાવી તેમને સમાજના સૈનિક બનાવે છે. બાળકને આનંદ દ્વારા કેળવવાનું છે અને કેળવણી દ્વારા એના આનંદ સ્વરૂપને વ્યક્ત થવા દેવાનું છે.

### પ્રવેશોત્સવ



બાળકોને આવકારવા તા ૧૫:૬:૧૬ ને
બુધવારના રોજ શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો.

### લોકશાહી ઢબે ઈલેકશન




શાળામાં લોકશાહી ઢબે ચૂંટણીનું આયોજન થયું.
જેમાં ૪ થી ૮ ની બાળાઓએ મતદાન કર્યુ.

### વાલી કાર્યશિબિર




શ્રેણી ૧ અને ૨ ના વાલીશ્રી માટે શાળામાં
કાર્યશિબિરનું આયોજન થયું.

### બૌદ્ધિક સ્પર્ધા



તા.૧૪-૭-૧૬ ના રોજ બૌદ્ધિક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું


### ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ



### સર્જનાત્મક સ્પર્ધા




તા.૨૧-૮-૧૬ ના રોજ સર્જનાત્મક સ્પર્ધાનું આયોજન થયું





વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણકાર્ય






લોકભારતી યોજીત ઝવેરચંદ મેઘાણીના ગીતોમાં શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. સંસ્કારભારતી આયોજીત વર્ષાગીતમાં શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.

## ખેલ મહાકુંભ વિવિધ રમતોની ઝલક










ખેલમહાકુંભ-કબડ્ડી અને ખો-ખોની રમતમાં વિદ્યાર્થીનીઓ પસંદગી પામ્યા જે જીલ્લા કક્ષાએ ભાગ લેશે.








રસ્સાખેંચમાં ૪૦થી ઉપરની વયમાં શાળાના આચાર્યાશ્રી અને શિક્ષિકાબહેનોએ ઝોન કક્ષાએ રમી જીલ્લાકક્ષાએ રમવા જશે.

એથ્લેટિક્સ સ્પર્ધામાં ઝોન કક્ષામાં સ્ટેન્ડિંગ બ્રોડ જંપમાં રાવલયુક્તિ ૩૦મી. દોડમાં બ્રહ્મભટ્ટ પ્રાચી અને ગોહિલ પરિતા પાંચમો ક્રમ પ્રાપ્ત કરી જીલ્લાકક્ષાએ ભાગ લેશે.










## મારી શાળાના ભીંતપત્રો















શ્રી રા.વ.પટેલ શાળા અમરોલી દ્વારા વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં કુલ ૬ કૃતિઓમાં ભાગ લીધો જેમાં ★ સ્વયંસંચાલિત ટ્રાફિક સિગ્નલ - પ્રથમ ક્રમ ★ ફિશ પોન્ડ - પ્રથમ ક્રમ ★ ઋતુ ચક્ર-આશ્વાસન ક્રમ ★ CEPT પ્લાન્ટ (પાણીનું શુધ્ધિકરણ) - આશ્વાસન ક્રમ પ્રાપ્ત કર્યો.

## ઉત્સવોની ઉજવણી

## મારી શાળાએ આવ્યા રૂડા પ્રસંગ



અલૂણાવ્રત દરમ્યાન શાળામાં
વિવિધ પ્રવૃત્તિનું આયોજન થયું




તા.૨૯-૮-૧૬ ને સોમવારના
દિને પર્યુષણ પર્વની ઉજવણી થઈ



તા.૧૯-૭-૧૬ને મંગળવારના રોજ
શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી થઈ


## જન્માષ્ટમીની ઉજવણી






તા.૨૪-૮-૧૬ ના બુધવારના રોજ શાળામાં જન્માષ્ટમીની ઉજવણી થઈ. "મટકે મારી આજ મન મોહન આવો તમે એ ... માખણ ખાવા આજ."
"અંતરના દ્વાર આજે ઉઘાડા છે, મીઠી મીઠી મોરલી ક્યારે વગાડશો એ... જમનાના તીરે ક્યારે આવશો."

## રક્ષાબંધનની ઉજવણી


તા.૧૬-૮-૧૬ ને મંગળવારના દિને શ્રેણી ૨ અને ૩ ની
બાળાઓને કુમારશાળામાં લઈ જઈ રક્ષાબંધનની ઉજવણી કરી.

## શિક્ષકદિનની ઉજવણી



જેમાં નિવૃત શિક્ષકશ્રી દિનેશભાઈ પટેલને સન્માનિત કરાયા.

## પ્રવાસ પર્યટન



શ્રેણી ૩ થી ૫ ગુમાનદેવ, સરદાર
સરોવર, શૂલપાણેશ્વર, ગરૂડેશ્વર




શ્રેણી ૬ થી ૮ ઉદેપુર,
શ્રીનાથજી, ચિતોડગઢ





તા.૩-૯-૧૬ ને દિવસે શાળામાં ડૉ.સર્વપલ્લી
રાધાકૃષ્ણની યાદમાં શિક્ષકદિનની ઉજવણી થઈ.

## ગણેશ ચતુર્થીની ઉજવણી




તા.૬-૧૦-૧૬ શનિવારના રોજ ગણેશચતુર્થીની ઉજવણી થઈ





૧૪મી સપ્ટેમ્બરે હિન્દી દિવસ નિમિતે
શ્રેણી ૬ થી ૮ માટે વિવિધ સ્પર્ધાનું આયોજન થયું.







ગગનમંડલની ગાગરી રે મા ! સુંદર સકલ શોભા ભરો રે મા !
આપે ભવાની ઉમંગ શું રે મા, રાસ રમે મધ્ય રંગશું રે મા !

## શિક્ષકોની નવરાત્રિ










તા.૭-૧૦-૧૬ને શુક્રવારના રોજ નવરાત્રિ મહોત્સવનું આયોજન થયું જેમાં ૧ થી ૮ ની બાળાઓએ ભાગ લીધો. સમગ્ર સંકુલના આચાર્યાશ્રી શિક્ષક ભાઈબહેનોએ તા.૧૪-૯-૧૬ના રોજ સાંજે ૫ થી ૮ દરમ્યાન ગરબાની રમઝટ બોલાવી અને ઈનામો પ્રાપ્ત કર્યા.




તા.૩૧-૮-૧૬ ના દિને ૫ થી ૭ ના વાલીઓ માટે વિદ્યાર્થીઓના શિક્ષણમાં વાલીશ્રીની ભૂમિકા પર ''ડૉ. પ્રજ્ઞાબેન વશીએ'' ખૂબ જ પ્રભાવશાળી વક્તવ્ય રજૂ કર્યુ.









તા.૨૯-૬-૧૬ ને બુધવારના રોજ શાળાના શિક્ષિકાબહેન શ્રી ફાલ્ગુનીબેન ચકાવાલા
અને શ્રી અમિષાબેન ઉપાધ્યાયે જે એચ.અંબાણી સ્કૂલમાં જાગૃતિ વર્ગની મુલાકાત લીધી.







તા.૧૩-૭-૧૬ અને તા.૫-૧૦-૧૬ના રોજ
ડૉ. મુર્તુઝા રેલ્વેવાળાએ રિસૉર્સ અંગેની માહિતી આપી.



પ્રેસિડન્સી સ્કુલ દ્વારા શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં શાળાના
શિક્ષિકાબેન કુ.પારૂલ પરમારે ભાગ લીધો.





તા.૪-૧૦-૧૬ મંગળવારે SMC દ્વારા હાથીપગા
રોગ 'નિમૂર્લન કાર્યક્રમ' દ્વારા લોહીની તપાસ કરવામાં આવી.

## દિવાળીની ઉજવણી

